અષાઢી મેઘના અંબર ગાજયા પણ નહી અને વરસ્યા પણ નહીં..

આકાશમાં ઘટાટોપ વાદળોનો ઘેરાવા વચ્ચે બે દિવસથી ઝરમરિયો વરસાદ

ગાંધીનગરમાં હજુ વરસાદની મોસમ નિખરી નથી. જુલાઈ મહીનો પુરો થયો પરંતુ અષાઢ સાવ કોરોધાકોર રહ્યો હોવાથી નગરજનોમાં હવે શ્રાવણમાં મેઘરાજા હેત વરસાવે તેવી આશ બંધાઈ છે. છેલ્લા બે દિવસથી આકાશમાં ગોરંભાતા કાળાડીંબાંગ વાદળો છવાયેલા રહે છે. રોજબરોજ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ બંધાય છે. આખો દિવસ વરસાદી વાદળોની અવરજવર વચ્ચે મેઘરાજા ઝરમર વરસે છે. ઝરમરિયા વરસાદના લીધે નગરમાં ભીંજારાનો માહોલ યથાવત રહ્યો છે. જયારે વરસાદી માહોલના લીધે સેકટરોમાં વરસાદી સમસ્યા પણ ડોકીયા કરતી નજરે પડે છે. ગાંધીનગરમાં સિઝનનો ૨૨ ટકા વરસાદ થયો છે. જયારે જુલાઈ મહીનો વરસાદની દ્રષ્ટીએ કોરો રહેતા હવે શ્રાવણમાં સરવરિયા વરસવાન બદલે મેઘરાજા મનમુકીને વરસશે કે કેમ તે અંગે પણ ખેડુતોમાં ચિંતાના વાદળો ઘેરાયા છે.

ગાંધીનગરમાં ચોમાસાના પ્રારંભથી જ વરસાદે દુરી બનાવી છે. રાજયમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહીતના વિસ્તારમાં ધોધમાર વરસાદના અંતે પણ ગાંધીગર તેમજ ઉત્તર ગુજરાત પર મેઘરાજા હજુ મહેરબાન થયા નથી. જુલાઈ મહીનાના અંતે ગાંધીનગરમાં અંદાજિત ૨૫૦ થી ૩૦૦ મી મી વરસાદ થાય છે. પરંતુ આ વર્ષે હજુ સુધી માંડ ૧૨૦ મી મી જેટલો જ વરસાદ થયો છે. ગાંધીનગરમાં સિઝનનો માત્ર ૨૨ ટકા વરસાદ થયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં છેલ્લા બે ત્રણ દિવસથી આકાશમાં ગોરંભાતા કાળા ડીંબાંગ વાદળો પણ ભારે વરસાદ આવશે તેની આશ જન્માવી રહ્યા છે ગઈકાલે પણ ઘટાટોપ વાદળો માત્ર આચમની ભરીને વરસ્યા હતા. આકાશમાં વરસાદી વાદળો બંધાય છે પરંતુ ઝરમરીયા વરસાદ થાય છે. જેના લીધે સેકટરોમાં ભીંજારાના માહોલ વચ્ચે વરસાદી સમસ્યાઓ ઉદભવે છે. ગઈકાલે પણ સાંજના સમયે વરસાદી નઝારો સોળેકળાએ નિખર્યો હતો. પરંતુ હળવા ઝાપટના અંતે વરસાદે હાથતાળી આપી હતી. વાદળિયા વાતાવરણના લીધે શહેરમાં ઠંડક પ્રસરી છે. પરંતુ અષાઢ મહીનો પુરો થયો છતા અષાઢી મેઘ ગાજયા પણ નહી અને વરસ્યા નહીં.

ગાંધીનગરમાં આગામી ૩ થી ૧૦ ઓગષ્ટ સારા વરસાદના યોગ

ઘણાં સમયના વિરામ બાદ રાજયના ઘણાં ભાગોમાં વરસાદની મહેર થઈ છે. ત્યારે હજુ કેટલાક એવા ભાગો પણ છે જયાં વરસાદ આવ્યો નથી. ઉત્તર ગુજરાતના ભાગોમાં વરસાદ ઓછો હોવાની સાથે હરિયાળા શહેર ગાંધીનગરમાં પણ માત્ર વરસાદી ઝાપટા છે. મોસમી પવનોના દેશમાં આવુ ઘણી વખત બનતુ હોય છે. પરંતુ વરસાદની ધરી સામાન્ય રીતે કરાંચીથી બંગાળના ઉપસાગર સુધી હોય છે.ત તે હિમાલયના તરાઈ ભાગોમાં હતી. વરસાદ અંગે જોતા નિચલા લેવલના પવનો અને ભેજ મધ્ય અને ઉપલા લેવલમાં પણ ભેજ બરાબર હોય

● અનુસંધાન પાના ૭ પર

હોટલ નિર્માણના પ્રોજેકટના લીધે હરિદ્વારની ટ્રેન એક વર્ષથી બંધ

હરિદ્વાર સહિત અન્ય લાંબા રૂટની ટ્રેન શરૂ કરવા માટે પણ રજુઆત : પ્લેટફોર્મ નં-૧ પર ભાવનગરની ટ્રેન આવે છે ત્યારે હરિદ્વારની ટ્રેન પણ ઝડપથી શરૂ કરવા માંગ

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર સ્ટેશન વિસ્તારમાં હોટલ નિર્માણની કામગીરીના લીધે હરિદ્વારની ટ્રેઈન છેલ્લા એક વર્ષથી બંધ છે. કેપિટલ સ્ટેશનના પ્લેટફોર્મ નં - ૧ પણ આ કામગીરીને અનુલક્ષી બિન ઉપયોગી બન્યુ છે. એકબાજુ ભાવનગરની ટ્રેઈન આવે છે. ત્યારે હરિદ્વારાના રૂટની ટ્રેઈન હજુ પણ શરૂ કરવામાં આવી નથી જેના લીધે સ્થાનિકો તેમજ દિલ્હી હરિદ્વાર રૂટમાં જતા યાત્રિકોને કેપિટલ સ્ટેશનથી ટ્રેઈન સેવા મળતી નથી. વર્ષથી બંધ હરિદ્વારની ટ્રેઈન પુન : શરૂ કરવા માટે પણ રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર રેલવે સ્ટેશન હાલ હોટલ નિર્માણની કામગીરીના લીધે હાંસિયામાં ધકેલાઈ ગયુ છે. શહેરના એક ખુંણામાં સ્થિત રેલવે સ્ટેશન અત્યાર સુધી ટ્રેઈનના અભાવે સુમસામ જોવા મળતુ હતુ જયારે ધીમે ધીમે ટ્રેઈન વ્યવ્હાર શરૂ થતા સ્થાનિકો તેમજ બહારગામથી આવતા મુલાકાતીઓ સ્ટેશનનો ઉપયોગ કરતા થયા છે. આવા સંજોગોમાં રેલવે સ્ટેશન પર હરિદ્વાર , મુંબઈ સહીત ઈન્દોર અને આબુ સહીતની ટ્રેઈન સેવા ઉપલબ્ધ થતા રેલવે સ્ટેશન પર યાત્રિકોની સંખ્યા પણ ધીમે

● અનુસંધાન પાના ૭ પર

જિલ્લાની ત્રણ તાલુકા પંચાયતમાં નાણાંકીય શિસ્તના લીરા ઉડ્યા !

રાજ્ય સરકાર પણ ચોંકી ઉઠી છે વિગતે અહેવાલ માંગ્યો હોવાની વાત

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર તાલુકા પંચાયતના સને ૨૦૧૪-૧૫ના હિસાબોની ચકાસણી કરતાં આવક-જાવકમાં મોટો તફાવત હોવાની વિગતો ધ્યાને આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. મળતી વિગતો પ્રમાણે સંસ્થાના વાર્ષિક હિસાબોમાં બંધ સિલકમાં રૂ. ૧૧,૩૦,૦૬,૬૫૭નો તફાવત થવા પામેલ છે અને આટલી મોટી રકમના તફાવતને દૂર કરવાના કોઈ જ પ્રયાસ નહિ કરાયા હોવાનું જાણવા મળેલ છે.

રાજ્ય સરકારના ધ્યાને આવેલી આ બાબતને લઈ વિગતવાર અહેવાલ પણ માંગવામાં આવ્યો હોવાનુ જાણવા મળેલ છે પરંતુ હજુ સુધી આ બાબતે તંત્ર દ્વારા મૌન સેવવામાં આવી રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ગુજરાત જિલ્લા અને તાલુકા હિસાબ નિયમ સંગ્રહ અને અંદાજપત્રના નિયમો ૧૯૬૩ અને ૨૦૧૪ મુજબ તાલુકા-જિલ્લા પંચાયત કચેરી દ્વારા દર માસે અને દર વર્ષે નિયમિત વાર્ષિક હિસાબો અને માસિક હિસાબો તૈયાર કરવાના રહે છે. જેમાં કોઈપણ ભૂલ રહેતી નથી છતાં સને ૨૦૧૪-૧૫માં તાલુકા પંચાયતની જનરલ કેશબુક અને વાર્ષિક હિસાબમાં આટલી મોટી ભૂલ બહાર આવી છે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ના નિયમ-૧૩૫, ૧૫૯ અને ગુજરાત તાલુકા જિલ્લા પંચાયતોના (જિલ્લા ફંડ સંભાળ) બાબતોના નિયમ-૧૯૯૫ અન્વયે તાલુકા વિકાસ અધિકારીશ્રીના અંગત ખાતાવહીમાં સરકારશ્રી દ્વારા મળેલ અનુદાન સરકારી તિજોરીમાં રાખવા જણાવેલ છે.

આ ઉપરાંત વિકાસ કમિશ્નરશ્રીના ૨૯-૮-૦૩ના પત્રથી સરકારી નાણાં ઉપરાંત સ્વભંડોળના નાણાં પણ તિજોરી બહાર બેન્કમાં બાંધી મુદત કે ચાલુ ખાતામાં હોય તો બંધ કરવા સૂચના આપવામાં આવેલ છે.

તાલુકા પંચાયતો દ્વારા નીધિના નાણાં સિવાયની બચતો જોગવાઈ વિરૂદ્ધ પી.એલ.એ. સિવાય અન્ય બેંકોમાં ખાતા ખોલાવી રાખેલ છે અને અનઅધિકૃત રીતે નાણાંકીય વ્યવહાર કરેલ છે. આને કારણે રાજ્યના નાણાં એકત્રિત નીધિની બહાર રહ્યા હોવાનું દહેગામ અને તાલુકા પંચાયત કલોલમાં બન્યુ હોવાની વિગતો પણ બહાર આવતાં તપાસના ધમધમાટ ચાલી રહ્યા છે. મળતી વિગતો પ્રમાણે કલોલ તા.પં. દ્વારા રાષ્ટ્રીયકૃત બેંકો તથા અન્ય ખાનગી બેંકોમાં એફ.ડી. કરી રૂ. ૯,૨૧, ૨૫,૮૮૯નું રોકાણ કરવામાં આવેલ છે. આ રકમ પી.એલ.એ. હિસાબમાંથી ગ્રાન્ટને તબદીલ કરેલ હતી. દહેગામ તાલુકામાં પણ ૧,૮૧,૬૬,૭૧૪ રૂ.ની રકમ પી.એલ.એ. બહાર બેંકમાં મુકવામાં આવેલ છે.

જિલ્લાની ત્રણ તાલુકા પંચાયતોમાં નાણાંકીય શિસ્તનો છેદ ઉડતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે અને આ બાબતે ટુંકમાં જ સરકારને તે અંગેનો વિગતવાર અહેવાલ રજુ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

એસ.એસ. રાઠૌર અને અમૃત પટેલ નિમાયા

માર્ગ-મકાન વિભાગના પૂર્વ સચિવ એસ.એસ. રાઠૌરને ગાંધીનગર-અમદાવાદ મેટ્રો-રેલ પ્રોજેક્ટના મેને. ડિરેક્ટર તરીકે

નિમણુંક આપતા હુકમો કરવામાં આવ્યા છે. નિવૃત્ત સચિવ અમૃતભાઈ પટેલને રાજ્ય અન્ન આયોગના ચેરમેન તરીકે નિમણુંક આપતા હુકમો કરવામાં આવ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા આગામી દિવસોમાં વધુ નિમણુંકો આપવામાં આવશે તેમ સચિવાલયના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. અમૃતભાઈ પટેલની નિમણુંક ૧લી ઓગષ્ટથી અમલી થશે.

શહેરમાં છેલ્લા ત્રણ વર્ષમાં માર્ગ અકસ્માતમાં ૧૧૬ વ્યકિત મોતને ભેટયા

પૈડા પરની જિન્દગી જોખમી માર્ગ અકસ્માતના ૧૨૪૮ બનાવો : જિલ્લામાં પણ ત્રણ વર્ષ દરમિયાન ૭૧૪ વ્યકિતઓનાં મોત

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં પૈડા પરની જિન્દગી જોખમી બની છે. નગરના ખુલ્લા અને પહોળા માર્ગો પર ગતિનિયંત્રણની ઐસી તૈસી કરીને બેફામ દોડતા વાહનો ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને છે. શહેરમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૨૪૮ બનાવોમાં ૧૧૬ વ્યકિતઓ મોતને ભેટયા છે. જયારે જિલ્લામાં પણ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ૭૧૪ વ્યકિતઓએ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવ્યો છે.

ગાંધીનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયો છે. પરંતુ શહેરમાં હજુ માર્ગ સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. શહેરના ખુલ્લા અને પહોળા માર્ગો પર બેફામ જતા વાહનો ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને છે. શહેરમાં ગતિ નિયંત્રણનો પણ ભારોભાર અભાવ છે. નગરના મુખ્યમાર્ગો પર બેફામ દોડતા વાહનો રોજબરોજ અકસ્માત સર્જે છે. ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે તેમજ માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળોનો યોગ્ય અમલ ન થતા પૈડા પરની જિન્દગી જોખમી બની છે. શહેરમાં છેલ્લા ત્રણ વર્ષમાં માર્ગ અકસ્માતના લીધે ૧૧૬ વ્યકિતઓના મોત નિપજયા છે. જયારે વર્ષ ૨૦૧૬ થી વર્ષ ૨૦૧૮ દરમિયાન માર્ગ અકસ્માતના ૧૨૪૮ બનાવો બન્યા છે. જયારે આ બનાવો પૈકી ૧૧૬ વાહનચાલકો મોતને ભેટયા છે. ગાંધીનગર જિલ્લાની વાત કરીએ તો છેલ્લા ત્રણ વર્ષમાં ૨૧૮૫ માર્ગ અકસ્માતના બનાવો નોંધાયા છે. જયારે આ માર્ગ અકસ્માતમાં ૭૧૪ વ્યકિતઓનુ મોત નિપજયુ છે. સમગ્ર દેશમાં યુવાનો સોથી વધુ માર્ગ અકસ્માતનો ભોગ બને છે. જયારે માર્ગ અકસ્માતથી વધુ મૃત્યુઆંક પણ યુવાનોમાં જોવા મળી રહ્યો છે. દેશમાં દર કલાકે સરેરાશ ૫૫ માર્ગ અકસ્માતના બનાવોમાં ૧૭ મુત્યુ થાય છે. હેલમેટ નહીં પહેરવા સહીત સીટ બેલ્ટનો ઉપયોગ નહી કરવા ઉપરાંત ચાલુ વાહને મોબાઈલ પર વાત કરવા સહીતના કારણો પણ માર્ગ અકસ્માત માટે પ્રમુખ બન્યા છે.

જયદીપ દ્વિવેદી પંચાયત વિભાગમાં નિમાયા

સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી અને સંયુક્ત સચિવ જયદીપ દ્વિવેદીની રાજ્ય સરકારે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગમાં સંયુક્ત સચિવ તરીકે નિમણુંક આપતા હુકમો કર્યા છે.

કેન્દ્રીય ચૂંટણી પંચની મંજૂરી મેળવ્યા બાદ રાજ્ય સરકારે આ બદલીના હુકમો કર્યા છે.

ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તન જ સત્તા સુધી કોંગ્રેસને લઈ જઈ શકે : માધવસિંહ

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીએ ગુજરાતમાં કોંગ્રેસનું નેતૃત્વ નબળુ હોવાનુ કહી સૌને ચોંકાવી દીધા હતા. રાજ્યમાં કોંગ્રેસ કેમ સત્તામાં નથી તેવા અણિયારા સવાલના પ્રત્યુત્તરમાં કહ્યુ ગુજરાત પ્રદેશ કોંગ્રેસની નેતાગીરીની નિષ્ફળતા છે. આ નેતાગીરીમાં ફેરફાર અને બદલાવ લાવવો જોઈએ. કોંગ્રેસની નેતાગીરી સફળ બને તે માટે પ્રયાસો કરવાનું જણાવતાં તેમણે કહ્યુ હતુ કે કોંગ્રેસમાં નેતૃત્વ પરિવર્તન દ્વારા જ ગુજરાતમાં કોંગ્રેસ ફરી સત્તા પર આવી શકે છે.

કોંગ્રેસમાં રાહુલ ગાંધીના વિકલ્પમાં મજબુત ચહેરા વિશે તેમણે કહ્યુ કે મુખ્ય નેતા તો મજબુત હોવો જોઈએ. આટલા બધા લોકો અભિપ્રાય આપવા માટે હોય તો અભિપ્રાય વિશે વિચાર કરી શાંતિથી જોવુ જોઈએ કે કોનો અભિપ્રાય વધુ સારો છે. પ્રિયંકા ગાંધી પણ પ્રમુખ બની શકે છે. તેઓ સ્વભાવે અને વ્યવહારે લોકોને ગમી જાય તેવા નેતા છે. અત્યાર સુધી તેમના જે અનુભવ જાહેરમાં થયા છે તેમાં લોકોનો સારો રિસ્પોન્સ મળ્યો હોવાથી તેમનુ નેતૃત્વ સારૂ રહેશે.

પોતાના ૯૪મા જન્મદિનની શુભેચ્છાઓ પાઠવવા ગુજરાતભરમાંથી આવેલા કાર્યકરોને મળવા તેઓ સરકીટહાઉસ પહોંચ્યા ત્યારે અનૌપચારિક વાતચીતમાં તેમણે આવી વાત કહી હતી. માધવસિંહએ જુની યાદોને તાજી કરતાં કહ્યુ હતુ કે અમારા સમયમાં સમગ્ર દેશમાં નેતાગીરી અને વહીવટીતંત્રમાં ઉપરથી નીચે સુધીના સંબંધો સારા હતા જેથી કામ કરવામાં સરળતા રહેતી હતી. ઈન્દિરા ગાંધી સામે યોગ્ય રજુઆત કરો તો ઉકેલ મળ્યા વગર રહે જ નહિ તેથી અમારા સમયમાં ઘણી સારી યોજનાઓ અમલી બનાવી શક્યા હતા.

વિઠ્ઠલભાઈ રાદડિયા અજેય ખેડૂત નેતા અને ગરીબોના બેલી હતા : વિજય રૂપાણી

ગાંધીનગર, તા. ૩૦

જામકંડરોણા ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ લાંબી બીમારી બાદ અવસાન પામેલ સ્વ. વિઠ્ઠલભાઈ રાદડીયાના પાર્થિવ દેહને શ્રદ્ધાસુમન અર્પણ કરી તેમના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. મુખ્યમંત્રીએ પૂર્વ કેબિનેટ મંત્રી અને પૂર્વ સાંસદ સ્વ. વિઠ્ઠલભાઈ રાદડીયાના દુઃખદ અવસાન અંગે ઘેરા શોક અને ઊંડા દુઃખની લાગણી વ્યકત કરતા જણાવ્યું હતું કે, વિઠ્ઠલભાઈ અજેય ખેડૂત નેતા અને ગરીબોના બેલી હતા.

મુખ્યમંત્રી રૂપાણીએ કહ્યું હતું કે તેઓ જમીની કાર્યકર હતા, ખુબ સંઘર્ષ કરી તેઓ લોકપ્રિય નેતા બન્યા હતા. તેમના જવાથી ગુજરાતની નેતાગીરીમાં બહુ મોટી ખોટ પડશે.

સ્વ. વિઠ્ઠલભાઈ રાદડીયાના પુત્ર અને અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી જયેશભાઈ રાદડિયાને મળી તેમણે દુઃખના સમયે સૌ લોકો તેમની સાથે હોવાનો સધિયારો પાઠવ્યો હતો. તેમણે વિશ્વાસ જતાવ્યો હતો કે સ્વ. વિઠ્ઠલભાઈના અધૂરા સ્વપ્નોને જયેશભાઈ અને તેમની ટીમ પુરા કરશે.

ઈન્ડેક્ષ-સી, ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોંટેજ (ગુજરાત સરકારની સંસ્થા)
બ્લોક નં.૭/૧, ઉદ્યોગભવન, સેકટર-૧૧, ગાંધીનગર
ઓ.(૦૭૯)૨૩૨૫૦૦૫, ફેકસ ૨૩૨૫૦૦૭
E-mail : exdire-indext-c@gujarat.gov.in

હાથશાળ-હસ્તકલાના કારીગરોએ મેળામાં ભાગ લેવા બાબત

ઈન્ડેક્ષ-સી દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ માં રાજ્યમાં તથા રાજ્ય બહાર વિવિધ સ્થળોએ હાથશાળ-હસ્તકલાના પ્રદર્શન-સહ-વેચાણ મેળાઓમાં ભાગ લેવા માટે કુટિર અને ગ્રામોદ્યોગ ક્ષેત્રના કારીગર તરીકેના ઓળખકાર્ડ ધરાવતા વ્યકિતગત કારીગરો તથા કુટિર ઉદ્યોગ ક્ષેત્રે કામ કરતી ઔદ્યો.સહ.મંડળીઓ/સંસ્થાઓ/સખી મંડળો/કલ્સ્ટરો પાસેથી નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવે છે. અરજી ફોર્મ www.craftofgujarat.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. **વર્ષ ૨૦૧૯-૨૦ ના મેળા માટે અગાઉ અરજી કરેલ હોય તેઓએ નવી અરજી કરવાની રહેશે નહીં.**

વધુમાં જે કારીગરો હસ્તકલા વિકાસ આયુકત (ડીસી હેન્ડીક્રાફટ) દ્વારા આપવામાં આવેલ પહેચાન કાર્ડ ધરાવતા હશે તે તથા ઈન્ડેક્ષ-સીનું કારીગર ઓળખકાર્ડ ધરાવતા કારીગરો મેળામાં ભાગ લઈ શકશે. ઔદ્યો.સહ.મંડળીઓ/સંસ્થાએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનું નિયત પ્રમાણપત્ર તથા નોંધણી પ્રમાણપત્ર અરજી પત્રકના તમામ કોલમોમાં વિગતો ભરી રજુ કરવાનું રહેશે. **અધુરી વિગતો વાળુ તથા આધાર-પુરાવા વગરનું અરજી પત્રક આપો આપ રદ ગણાશે.**

ઉપર્યુકત નિયત અરજી ફોર્મ તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી મેળવવાના થતા પ્રમાણપત્રનો નમુનો ઈન્ડેક્ષ-સીની વેબસાઈટ www.craftofgujarat.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી **ભેરલુ અરજી ફોર્મ તા.૨૬-૮-૧૯ સુધીમાં બિનચુક** ઉપરોકત જણાયેલ સરનામે મોકલી આપવાનું રહેશે. સંભવિત મેળા કેલેન્ડર તેમજ અન્ય માહિતી માટે ઈન્ડેક્ષ-સીની વેબસાઈટ જોવા અનુરોધ છે.

(પી.જી.પટેલ)
કાર્યવાહક નિયામક

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com